# આપણી એચ.સી.જી.

AAPNI HCG is a Bilingual Monthly, Published on 7th of Every Month

Volume No. 04 | Issue No. 04 | July 2021 | Retail Price : Rs. 10/- | Annual Sub. : Rs. 100/-

## સ્વાસ્થ્યને લગતી
## સંપૂર્ણ સારવાર
## ઉપલબ્ધ છે એક જ સ્થળે

**અનુભવી અને નિષ્ણાંત**
**ડોક્ટર્સ ટીમ સહીત**
**અત્યાધુનિક ઉપકરણોથી સજ્જ**
**એક માત્ર NABH**
**પ્રમાણિત હોસ્પિટલ્સ**




**અમે છીએ**

HCG Hospitals
adding life to years

HCG adding life to years

## Chief Editor


Dr. Bharat Gadhavi
Regional Director,
HCG Hospitals - Gujarat

## Contributors

Dr. Siddhrajsinh Vala
Head - Dept. of Cardiology
HCG Hospitals, Bhavnagar

Dr. Anuj Agarwal
Consultant - Cardiologist
HCG Hospitals, Bhavnagar

Dr. Brajmohan Singh
Director - CTVS
HCG Hospitals, Bhavnagar

Dr. Shubhdev Bhattacharya
Consultant - CTVS
HCG Hospitals, Bhavnagar

Dr. Manish Patni
Consultant - Neuro Physician
HCG Hospitals, Bhavnagar

Dr. Nirav Thadeshwar
Consultant - Surgical Oncologist
HCG Hospitals, Bhavnagar

Dr. Pushpendra Hirpara
Head - Radiation Oncologist
HCG Hospitals, Bhavnagar

Dr. Manan Vaghela
Consultant - Medical Oncologist
& Haematologist
HCG Hospitals, Bhavnagar

Dr. Harpalsinh Dabhi
Head - Pulmonologist &
Intensivist
HCG Hospitals, Bhavnagar

Dr. Parthraj Umat
Consultant - Emergency Medicine
& Intensivist
HCG Hospitals, Bhavnagar

Dr. Girish Dave
Consultant - General Surgeon
HCG Hospitals, Bhavnagar




Dr. BS Ajaikumar
Chairman - HCG Group

# Chairman's Message

"At HCG, it has been our constant endeavour to redefine the future of healthcare, through specializing across infertility, tertiary care, cancer care and advanced diagnosis. We have been constantly designing, building and managing healthcare centres with a steadfast vision of bringing core clinical services under one roof. Our intent is to help patients achieve a longer and better life. With a widespread network, HCG makes advanced health care accessible to millions of people, who would otherwise have to undergo temporary relocation or travelling distances for treatment. While transforming the healthcare scenario of the country, HCG also adopts latest technologies to stay ahead.

In today's healthcare scenario where we have a wide choice among hospitals and health care centres, we usually tend to ignore the clinical expertise & facilities of the hospitals. This in turn may lead to visiting multiple hospitals to gain holistic treatment. But, fortunately at HCG, we offer comprehensive healthcare under one roof. Evidence based medicine protocols are followed and treatments are planned according to the standard guidelines. Infection Control protocols and other quality benchmarks are proudly achieved. Doctors at HCG are highly trained, experienced and continuously undergo various International training programs to keep themselves appraised with the latest updates in their respective fields.

Taking in account of the increase in lifestyle related diseases, initiatives are taken to educate the community by various awareness programs. HCG also offers affordable health check up packages to encourage regular screening, so that disease can be detected at an early stage and quality of life can be maintained. We invite you all to be a part of our awareness programs and be the fire to ignite a bright light that will lead all of us to healthier future. You can follow us on social media or visit our website to know about the upcoming events."



# એટ્રિઅલ સેપ્ટલ ડિફેક્ટ (ASD)

### એટ્રિઅલ સેપ્ટલ ડિફેક્ટ (ASD) શું છે ?

હૃદયના ઉપરની બે ચેમ્બર વચ્ચેના પડદામાં રહેલું છીદ્રની ખામી છે. આ છીદ્રના કારણે ઓક્સિજનયુક્ત શુદ્ધ લોહી અશુદ્ધ લોહી સાથે ભળી જાય છે અને જમણી બાજુના હૃદય પર દબાણ કરે છે. ASD એ હૃદયના ઉપરની બે ચેમ્બરના પડદા ( એટ્રિઆ )ની ખામી છે.

### તેના કારણો શું છે ?

દરેક બાળક હૃદયના ઉપરના ભાગમાં એક છીદ્ર સાથે જન્મે છે. જન્મ પછી, આ છીદ્ર ધીમે - ધીમે અમુક અઠવાડીયા અથવા મહીનાઓ પછી બંધ થઈ જાય છે. ઘણી વખત આ છીદ્ર સામાન્ય કરતાં મોટું હોય છે અને જન્મ પછી બંધ થતું નથી. ઘણાં બાળકોમાં ASD સાથે હૃદયની અન્ય ખામી પણ હોય છે.

### લક્ષણો :

ASD ના કેટલાક દર્દીઓમાં કોઈ લક્ષણો હોતા નથી. જો છીદ્ર નાનું હોય, તો કોઈ ગંભીર લક્ષણો જણાતા નથી. પંરતુ જો છીદ્ર મોટું હોય, તો નીચેના લક્ષણો સામાન્ય રીતે દર્દીની ઉંમરના ત્રીજા અથવા ચોથા દસકામાં જોવા મળે છે. જેમાં ;

- શ્વાસની તકલીફ ખાસ કરીને વ્યાયામ કરતી વખતે
- થાક લાગવો, હાંફ ચડવો
- પગમાં અથવા પેટમાં સોજા
- ઝડપી અથવા અનિયમિત ધબકારા
- સ્ટ્રોક
- વારંવાર ફેફસાંનું ઈન્ફેક્શન લાગવું

ASD ની સામાન્ય ખામીવાળા લોકોમાં ભાગ્યે જ કોઈ સમસ્યા ઉત્પન્ન થાય છે પરંતુ જો ઉપર મુજબની તકલીફો જણાય, તો તુરંત જ હૃદયરોગ નિષ્ણાત ડોક્ટર પાસે તપાસ કરાવી સમયસર જરૂરી સારવાર મેળવવી હિતાવહ છે. જો ASD નું નિદાન સમયસર ન થાય અને યોગ્ય સારવાર ન મળે તો જમણી બાજુના હૃદય ઉપર દબાણ ખૂબ વધી જાય, તો આ છીદ્ર બંધ કરી શકાતું નથી અને દર્દીના ફેફસાંની નસોમાં ક્રમીક નુકશાન સાથે ફેફસામાં દબાણ વધી શકે છે અને દર્દીને વધુ ગંભીર તકલીફ થઈ શકે છે, જેમાં પલ્મોનોરી હાઈપરટેન્શન આઈસેન્સમેન્જર સિન્ડ્રોમ મુખ્ય છે.

### સારવાર :

ASD ની સારવાર મુખ્યત્વે બે પ્રકારની છે :

(૧) સર્જરી દ્વારા છીદ્રને બંધ કરવું. જેમાં હૃદયના ઓપરેશન દ્વારા છીદ્ર બંધ કરવામાં આવે છે.

(૨) ડિવાઈસ ક્લોઝર (છત્રી) દ્વારા પડદામાં રહેલા છીદ્રને બંધ કરવું.




ASD ડિવાઈઝ ( છત્રી )

પગની નસ વડે ડિવાઈઝ ક્લોઝર (છત્રી) ની પ્રોસીજર દ્વારા છીદ્રને બંધ કરવામાં આવે છે.

ઉપરોક્ત સારવારમાંથી દર્દી માટે કઈ સારવાર સંપૂર્ણ યોગ્ય છે, તેનો નિર્ણય ASDના પ્રકાર તથા દર્દીની જરૂરીયાત મુજબ કાર્ડીઓલોજીસ્ટ અને કાર્ડીયાક સર્જનની ટીમ દ્વારા કરવામાં આવે છે.

### મેડીકલ ફોલો-અપ :

કેટલીકવાર લોહીના ગંઠાવા અને ચેપ અટકાવવા માટેની દવાઓનો ઉપયોગ ASD બંધ થયા પછી કેટલાક મહિનાઓ માટે કરવામાં આવે છે. ભાગ્યે જ છ મહિના પછી દર્દીઓએ દવા લેવાની જરૂર પડશે. ASD ધરાવતા દર્દીઓએ સમયાંતરે કાર્ડીઓલોજીસ્ટ પાસે તપાસ કરાવવી જોઈએ. જો જરૂર જણાય તો કાર્ડીઓલોજીસ્ટ લોહીના પરીક્ષણો તથા ઈલેક્ટ્રોકાર્ડિઓગ્રામ, હોલ્ટર મોનીટરીંગ, ટી.એમ.ટી. વગેરે પરીક્ષણો દ્વારા દર્દીનું નિરીક્ષણ કરશે અને જરૂરી માર્ગદર્શન તથા સારવાર આપશે.

### ASD સારવાર પછીની કાળજી :

ASD ની સારવાર લીધા પછી મોટાભાગના દર્દીઓને કોઈ વિશેષ સાવચેતીની જરૂરી હોતી નથી અને જોખમ વિના સામાન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે છે.



**ડો. સિદ્ધરાજસિંહ વાળા**
કન્સલ્ટન્ટ - કાર્ડિયોલોજીસ્ટ,
હેડ - ડીપાર્ટમેન્ટ ઓફ કાર્ડીયોલોજી
**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**



**ડો. અનુજ અગ્રવાલ**
કન્સલ્ટન્ટ - કાર્ડિયોલોજીસ્ટ,
**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**

# કેન્સર : સ્તન કેન્સર





### # સ્તન કેન્સર એટલે શું ?

જ્યારે સ્તનગ્રંથીમાં આવેલા અમૂક કોષો બેકાબુ બનીને વધવા લાગે ત્યારે સ્તન કેન્સર પેદા થાય છે. અને એમાંથી સ્તનમાં કેન્સરની ગાંઠ ઉત્પન્ન થાય છે. સ્તન કેન્સરની શરુઆત મોટેભાગે સ્તનમાં આવેલી દૂધની નલિકાઓની અંતઃ ત્વચામાં થતી હોય છે.પણ અમૂક સ્ત્રીઓમાં દૂધની ગ્રંથીઓ પણ કેન્સરનું કારણ બનતી હોય છે. જો આ કેન્સરની સારવાર ન કરવામાં આવે તો તે શરીરના અન્ય ભાગોમાં પણ પ્રસરે છે.

### સ્તન કેન્સરના કારણો :

આમ તો એના ખાસ કોઈ કારણો જાણી શકાયા નથી. પણ અવલોકનથી એટલું કહી શકાય કે નીચેના પરીબળો એમાં કોઈ મહત્ત્વની ભૂમિકા ભજવતા હશે.

૧. ખાસ કરીને ૫૦ વર્ષ આસપાસની ઉંમર

૨. માતા, બહેન કે દીકરીને ખાસ કરીને ૫૦ વર્ષથી નાની નાની વયમાં આ રોગ થઈ ચૂક્યો હોય ત્યારે આનુવંશિક કારણસર સ્તન કેન્સરનું જોખમ વધે છે.

૩. ૨૦ વર્ષથી નાની ઉંમરે કે ૩૫ વર્ષથી મોટી ઉંમરે પ્રથમ બાળકને જન્મ આપ્યો હોય.

૪. ખૂબ નાની વયે માસિક ધર્મની શરૂઆત થઈ હોય, કે નિર્ધારિત સમય કરતા મોટી ઉંમરે માસિક આવવાનું બંધ થયું હોય.

૫. ખૂબ જ ટૂંકા સમય માટે સ્તનપાન કરાવ્યું હોય.

૬. આધુનિક જીવનશૈલી, તણાવયુક્ત જીવન અને આધુનિક આહારને પણ સ્તન કેન્સર સાથે સંબંધ હોવાનું મનાય છે.

### સ્તન કેન્સરના ચિહ્નો :

૧. સ્તનમાં ગાંઠ

૨. સ્તનની નીપલમાંથી આપમેળે રસી આવવી.

૩. સ્તનની સપાટી પર ખંજન (ખાડા) પડેલાં જોવા.

૪. સ્તનના આકારમાં ફેરફાર થવો.

૫. સ્તની નીપલ અંદર તરફ વળી ગયેલી જણાય.

૬. સ્તનના કોઈપણ ભાગમાં દુઃખાવો થવો.

ઉપર જણાવેલ કોઈપણ ચિહ્ન જણાય તો ખાતરી કરવા માટે તમારે ડોક્ટરને મળવું જોઈએ.

સ્તનની બધી ગાંઠ કેન્સરની જ હોય એવું હોતું નથી. કારણ વિના ગભરાઈ જવાની જરૂર નથી. તેમ છતાં ઉપરના કોઈપણ લક્ષણો કે ફેરફાર જણાય તો તેમની ઉપેક્ષા ન કરશો. ઘણીવાર સ્તનમાં કેન્સર સિવાયની નિર્દોષ (Non Cancerous) ગાંઠ પણ થતી હોય છે.

### આ ઉપરાંત નીચેના ચિહ્નો પણ કેન્સર સૂચક હોય છે.

- બગલમાં સ્તનની બાજુએ લસીકા ગ્રંથીઓની પણ ગાંઠ જોવા મળતી હોય છે જેને "વળ ઘાલવી" એવાં નામથી ઓળખાય છે.
- ઉપરાંત સ્તનની નીપલમાંથી લાલાશ પડતી ગાંઠ કે રસી ઝરતું ચાંદુ પણ જોવા મળે છે ત્યારે નિષ્ણાંતની સલાહ લેવી જરૂરી બને છે.



**ડૉ. નીરવ થડેશ્વર**
કન્સલ્ટન્ટ - સર્જિકલ ઓન્કોલોજીસ્ટ
**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**



# ડેન્ગ્યુ એટલે શું ?

ડેન્ગ્યુ તાવ, ડેન્ગ્યુ વાયરસથી થતી ફ્લુ જેવી બીમારી છે. જ્યારે વાયરસ વહન કરતી એડીસ મચ્છર તંદુરસ્ત વ્યક્તિને કરડે છે ત્યારે તે થાય છે. આ રોગ મુખ્યત્વે વિશ્વના ઉષ્ણકટિબંધીય અને પેટા ઉષ્ણકિટબંધીય પ્રદેશોમાં જોવા મળે છે.

WHO મુજબ, દર વર્ષે અંદાજે ૫,૦૦,૦૦૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર છે. મોટાભાગના કેસો વિશ્વના ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં જોવા મળે છે. જેમાં ભારતીય ઉપખંડ, દક્ષિણપૂર્વ એશિયા, મેક્સિકો, આફ્રિકા, મધ્ય અને દક્ષિણ અમેરિકાના કેટલાક ભાગોમાં આ રોગની સંવેદનશીલતા છે. રાષ્ટ્રીય વેક્ટર બોર્ની ડિસિઝ કંટ્રોલ પ્રોગ્રામ (NVBDCP) દ્વારા જાહેર કરેલા આંકડા મુજબ, ૨૦૧૫ થી અત્યાર સુધીમાં ડેન્ગ્યુના તાવના ૭,૨૨,૨૪૩ કેસ નોંધાયા છે.

### ડેન્ગ્યુના કારણો :

**ડેન્ગ્યુ ચાર વાયસરને કારણ થાય છે, નામ** : ડીએનવી - ૧, ડીએનવી - ૨, ડીએનવી - ૩ અને ડીએનવી - ૪. પહેલાંથી ચેપગ્રસ્ત વ્યક્તિને કરડે છે ત્યાર વાયરસ મચ્છરમાં પ્રવેશ કર છે. અને માંદગી ફેલાય છે જ્યારે તે તંદુરસ્ત વ્યક્તિને કરડે છે અને વાયરસ વ્યક્તિના લોહીના પ્રવાહમાં ફેલાય છે.

એકવાર વ્યક્તિ સ્વસ્થ થઈ જાય છે, તે ચોક્કસ વાયરસથી રોગપ્રતિકારક છે, અન્ય ત્રણ પ્રકારોથી નહીં. જો તમને બીજી, ત્રીજી કે ચોથી વાર ચેપ લાગ્યો તો ડેન્ગ્યુ હેમોરાજિક ફિવર તરીકે ઓળખાતા ગંભીર ડેન્ગ્યુ ફીવર થવાની સંભાવના વધી જાય છે.

### ડેન્ગ્યુના લક્ષણો :

સામાન્ય રીતે ડેન્ગ્યુના લક્ષણો અનુભવેલા તાવ જેવું લાગે છે અને કિશોરો અને બાળકોમાં સરળતાથી ઓળખી શકાતા નથી.

ડેન્ગ્યુના કારણે ઓછામાં ઓછા આ લક્ષણોમાંના બે લક્ષણો સાથે ૧૦૪ ડિગ્રી તાવ આવે છે.

- માથાનો દુ:ખાવો
- સ્નાયુ, હાડકા અને સાંધાનો દુ:ખાવો
- ઉબકા
- ઉલટી
- આંખોની પાછળ દુ:ખાવો
- ફોલ્લીઓ

વ્યક્તિને ત્રણ પ્રકારના તાવ આવે છે :

- હળવો ડેન્ગ્યુ તાવ
- ડેન્ગ્યુ હેમરેજિક તાવ
- ડેન્ગ્યુ શોક સિન્ડ્રોમ

### ડેન્ગ્યુનું નિદાન :

લોહીના પરિક્ષણમાં રોગ સાથે લડવાના સફેદ કણો ઓછી માત્રામાં અને લોહી જામવાના કણો (Platelet) ઓછી માત્રામાં જોવા મળે છે : જ્યારે તાત્કાલિક તપાસ રેપિડ કીટ (Rapid kit) કીટ થાય છે.

### ડેન્ગ્યુની સારવાર :

ડેન્ગ્યુના તાવ અથવા ઈલાજની કોઈ વિશિષ્ટ સારવાર નથી કારણ કે ડેન્ગ્યુ એક વાયરસ છે. સમયસરની સારવાર મદદ કરી શકે છે.

### ડેન્ગ્યુ તાવની કેટલીક મૂળ સારવાર અહીં છે :

- દવાઓ
- હાઈડ્રેટેડ રહો
- સ્વચ્છતા

### ડેન્ગ્યુ નિવારણ :

સંશોધનકારો હજી ડેન્ગ્યુના તાવના ચોક્કસ ઉપાય શોધવાનું કામ કરી રહ્યા છે. ડેન્ગ્યુ ફીવર ટ્રીટમેન્ટમાં એસીટામિનોફેનથી પીડા રાહતનો ઉપયોગ થાય છે. વધુમાં, તમારા ડોક્ટર તમને પુષ્કળ પ્રવાહી પીવા અને આરામ કરવાની ભલામણ કરશે. શ્રેષ્ઠ માર્ગ નિવારણ છે.

### તમારી જાતને વાયરસથી સુરક્ષિત રાખવા માટે તમે કેટલીક ક્રિયાઓ કરી શકો છો તે નીચે મુજબ છે :

- ત્વચાના ઓછા સંપર્કમાં
- મચ્છર ભગાડનાર
- વ્યક્તિગત સ્વચ્છતા
- સ્થિર પાણીને જંતુમુક્ત કરો.



**ડો. હરપાલસિંહ ડાભી**
ડાયરેક્ટર એન્ડ કન્સલ્ટન્ટ – પલ્મોનોલોજી અને ક્રિટીકલ કેર મેડિસીન
**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**



**ડો. પાર્થરાજ ઉમટ**
કન્સલ્ટન્ટ – ઈમરજન્સી અને ક્રિટીકલ કેર મેડિસીન
**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર
આવકારે છે

HCG Hospitals
adding life to years



## ફુલ ટાઈમ કેન્સર ફિઝિશિયન
**ડૉ. મનન વાઘેલા**
MD, DM Medical Oncology

**: ઓપીડી સમય :**
**(સોમવાર થી શુક્રવાર)**
**સવારે : ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦**

### ઉપલબ્ધ સારવાર
- મોંઢા અને ગળાના કેન્સર
- ફેફસાના કેન્સર
- સ્તન કેન્સર
- મગજમાં ગાંઠ
- જન્મજાત લોહીની બીમારી
- ચામડી, હાડકાના કેન્સર, સારકોમા
- મલ્ટિપલ માયલોમા
- લોહીમાં વારંવાર ચેપ લાગવો
- લીવર, કિડની તથા પ્રોસ્ટેટના કેન્સર
- એપ્લાસ્ટિક એનેમિયા
- આંતરડા તથા મળમાર્ગના કેન્સર
- બ્લિડીંગ ડિસઓર્ડર
- ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર
- લોહીના કેન્સર (હિમોફિલિયા, લ્યુકેમિયા, સીકલ સેલ ડિસિઝ, થેલેસેમિયા)
- કિમોથેરાપી અંગે માર્ગદર્શન અને સારવાર

**કેન્સરને લગતી તમામ સારવાર હવે, એક જ સ્થળે**
- કેન્સર સર્જરી
- રેડીએશન (શેક)
- કીમોથેરાપી

**મુખ્યમંત્રી અમૃતમ્ અને આયુષ્યમાન ભારત યોજનાનાં લાભાર્થીઓ માટે નિઃશુલ્ક સારવાર**
**તમામ મેડીકલેઈમ અને ઈન્શ્યોરન્સ તથા કોર્પોરેટ કંપની દ્વારા કેશલેસ સારવાર માટે પ્રાપ્ત હોસ્પિટલ**

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત છે**

એપોઈન્ટમેન્ટ : ૦૨૭૮-૬૬૪૦૦૦૦/૧૧૧
વધુ માહિતી માટે : +૯૧ ૯૦૯૯૧૪૬૬૬૬

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર
## પ્રથમ અને એકમાત્ર NABH પ્રમાણિત હોસ્પિટલ



**ડૉ. પુષ્પેન્દ્ર હિરપરા**
કન્સલ્ટન્ટ એન્ડ હેડ - રેડિએશન ઓન્કોલોજી

**કેન્સરના દર્દીઓની સારવાર માટે,**
**અત્યાધુનિક રેડીએશન ટેકનોલોજી**
# VMATની સુવિધા
**પ્રથમવાર ભાવનગરમાં...**

### વિશેષતાઓ
- કન્વેન્શનલ IMRT કરતા ૫૦% ટકાથી વધુ ઝડપી સારવાર
- સલામત અને ચોક્કસ ડોઝ ડિલીવરી
- તીવ્ર કાર્યક્ષમ ડોઝ વિતરણ
- સતત બદલાતા ડોઝની તીવ્રતા
- શ્રેષ્ઠ, ઝડપી અને વધુ આરામદાયક સારવાર
- ડોઝ ડિલીવરીની અનિશ્ચિતતામાં ઘટાડો




૦૨૭૮-૬૬૪૦૦૦૦/૧૧૧

# સૌપ્રથમ વખત પેરાલીસીસ (લકવો)ના દર્દીની કેરોટીડ એન્જીયોપ્લાસ્ટી દ્વારા સફળતાપૂર્વક સારવાર કરવામાં આવી



૩૩ વર્ષીય મહિલા દર્દી કે જેમના શરીરનો ડાબો ભાગ ખોટો પડી ગયો હતો અને દર્દીને પેરાલીસીસનો હુમલો આવ્યો હોવાનું નિદાન થયું.

આથી, દર્દીને વધુ સારવાર માટે એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગરમાં ન્યુરોફિઝિશિયન ડો. મનીષ પાટની પાસે રીફર કરવામાં આવ્યા. અહીં વધુ નિદાન માટે ડો. પાટની સાહેબ દ્વારા દર્દીના મગજનો એમઆરઆઇ કરાવ્યો, જેમાં મગજ સુધી લોહી પહોંચાડતી નસમાં બ્લોકેજ જણાયું. આથી વધુ સારવાર માટે ડો. સિધ્ધરાજસિંહ વાળા (ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ) પાસે રેફર કર્યા. ડો. સિધ્ધરાજસિંહ વાળા દ્વારા કેરોટીડ એન્જીયોગ્રાફી કરવામાં આવી. આ રીપોર્ટમાં કેરોટીડ આર્ટરી કે જે મગજ સુધી લોહી પહોંચાડે છે તેમાં ૯૯ થી ૧૦૦ % બ્લોકેજ હતું. આથી મગજ સુધી લોહી પહોંચી શકતું ન હોવાથી દર્દીને પેરાલિસસીનો હુમલો આવ્યાનું નિદાન થયું.

વધુ સારવાર માટે ડો. સિધ્ધરાજસિંહ વાળા અને ટીમ દ્વારા નસમાં સ્ટેન્ટ મુકી કેરોટીડ એન્જીયોપ્લાસ્ટી કરવામાં આવી. આ સારવાર પછી દર્દીનું ડાબી બાજુનું અંગ જે સંપૂર્ણ રીતે ખોટું પડી ગયેલ હતું. તેમાં તાત્કાલિક કેરોટીડ એન્જીયોપ્લાસ્ટી થવાથી સુધારો જોવા મળ્યો.આમ દર્દીના મગજ સુધી લોહી પહોંચાડતી બંધ નસમાં સ્ટેન્ટ મુકી કેરોટીડ એન્જીયોપ્લાસ્ટી દ્વારા લોહીનો પુરવઠો પુર્વવત કરવામાં આવ્યો.

ડો. પાટની સાહેબનાં જણાવ્યા અનુસાર સામાન્ય રીતે હૃદયની બંધ નળીમાં સ્ટેન્ટ મુકી હૃદયની એન્જીયોપ્લાસ્ટી કરવી સામાન્ય બાબત છે પરંતુ, આ દર્દીમાં મગજ સુધી લોહી પહોંચાડતી બંધ નસમાં સ્ટેન્ટ મુકી લોહીનો પુરવઠો પુર્વવત કરવાનો હતો જે ખુબ જ કઠીન કાર્ય હતું. વધુમાં મગજ સુધી લોહી જતી નસમાં સ્ટેન્ટ મુકવાથી લોહીનો પ્રવાહ પુર્વવત કરી શકાય છે. આથી પેરાલિસીસનાં દર્દીમાં ખુબ જ ઝડપી રીકવરી થાય છે અને ફરીવાર પેરાલિસીસ થવાની શક્યતા ઘટી જાય છે. તથા દર્દી પોતાનું જીવન પુર્વવત જીવી શકે છે. વળી, આ પ્રકારની સારવાર જે હોસ્પિટલમાં કાર્ડીયોલોજીસ્ટ અને ન્યુરોફિઝિશિયનની ટીમ હોય ત્યાં જ શક્ય છે.

અત્યાર સુધી આ પ્રકારની સારવાર માત્ર અમદાવાદ જેવા મોટા શહેરો પૂરતી સીમીત હતી. પરંતુ હવે ભાવનગરમાં પણ એચસીજી હોસ્પિટલ્સ ખાતે કાર્ડીયોલોજીસ્ટ અને ન્યુરોફિઝિશિયન ડોક્ટર્સના ટીમ વર્કના કારણે ભાવનગર ખાતે સૌપ્રથમ વખત કેરોટીડ એન્જીયોપ્લાસ્ટી સફળતાપૂર્વક કરવામાં આવી.



**ડૉ. મનીષ પાટની**
કન્સલ્ટન્ટ - ન્યુરો ફીઝીશીયન
**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**

# MIDCAB – Minimal Invasive Direct Coronary Artery Bypass – A Unique Technique for Cardiac Surgery

**Why does someone need a CABG ?**

Coronary artery byspass grafting (CABG) is a procedure to improve poor blood flow to the heart. It may be needed when the arteries supplying blood to heart tissue, called coronary arteries, are narrowed or blocked.

**What is heart bypass surgery (CABG) ?**

Coronary bypass surgery redirects blood around a section of a blocked or partially blocked artery in your heart to improve blood flow to your heart muscle. The procedure involves




taking a healthy blood vessel from your leg, arm or chest and connecting it beyond the blocked arteries in your heart. Total arterial - total arterial revascularization (TAR) has been shown to improve both short - and long term mortality in coronary artery bypass grafting patients when compared with a single internal thoracic artery,

**Types of CABG**

Conventional - done through Sternotomy (dividing the Sternum or, Breast bone)

Minimally Invasive Coronary Bypass surgery (MICS CABG) or Keyhole heart bypass surgery ---- It is the minimally invasive technique of bypassing of blocked blood vessels in the heart.

The operation is done through a small cut on the left side of the chest.

**Recovery after Conventional Bypass Surgery?**

Recovery after Conventional CABG takes time and everyone recovers at slightly different speed. Generally you should be able to sit in a chair after 1 day, walk after 3 days and walk up and down stair after 5 or 6 days. Most people make a full recovery within 12 weeks of the operation.

**Recovery after MIDCAB (Minimal Invasive Direct Coronary Artery Bypass)?**

Recovery from MIDCAB (Minimal Invasive Direct Coronary Artery Bypass) is speedy. Generally you should be able to sit in a chair, walk and walk up and down stair within next day. Most people make a full recovery within 2 weeks of the operation.

**All type of Cardiac Surgeries like CABG, Valve Replacement and Repair Surgery and ASD/VSD Closure can be done through MICSC (Minimal Invasive Cardiac Surgery)?**






**DR. BRAJMOHAN SINGH**
Director & Consultant- Cardiothoracic & Vascular Surgeon
**HCG Hospitals, Bhavnagar**



**DR. SUBHDEV BHATTACHARYA**
Consultant- Cardiothoracic & Vascular Surgeon
**HCG Hospitals, Bhavnagar**

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર દ્વારા "ડોક્ટર્સ ડે" નિમિત્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું

સમગ્ર વિશ્વમાં તા. ૧ જુલાઈ "વિશ્વ ડોક્ટર્સ ડે" તરીકે ઉજવવામાં આવે છે, આ ઉજવણીના ભાગરૂપે એચસીજી હોસ્પિટલ્સ, દ્વારા આ કોરોના વાયરસ મહામારીના સમયમાં, લોકોનું જીવન બચાવવા માટે રાત-દિવસ કાર્યરત સૌ ડોક્ટર્સ મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો તથા એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગરના ડોક્ટર્સ દ્વારા વૃક્ષારોપણ કરી પ્રકૃતિ પ્રત્યે આદર વ્યક્ત કર્યો.

આ કાર્યક્રમમાં એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગરના તમામ ડોક્ટર્સ મિત્રો ડો. સિદ્ધરાજસિંહ વાળા, ડો. અનુજ અગ્રવાલ, ડો. બ્રજમોહનસિંઘ, ડો. શુભદેવ ભટ્ટાચાર્ય, ડો. મનીષ પાટની, ડો. નિરવ થડેસ્વર, ડો. પુષ્પેન્દ્ર હિરપરા, ડો. મનન વાઘેલા, ડો. હરપાલસિંહ ડાભી, ડો. પાર્થરાજ ઉમટ, ડો. ગિરીશ દવે, ડો. સંજય પંડ્યા, ડો. હાર્દિક ખત્રી, ડો. તપસ મનવર, ડો. ડ્રીમી જૈન, તથા ડો. સોમા બો અને હોસ્પિટલ્સના તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.














તા. ૮ માર્ચ "વિશ્વ મહિલા દિવસ" નિમિત્તે મહિલા પોલીસ કર્મચારીઓ તથા પોલીસ પરિવારના અન્ય મહિલા સભ્યો તથા તા. ૩૧ માર્ચના રોજ પોલીસ પરીવારના તમામ કર્મચારીઓ અને તેમના પરીવારજનો માટે "ફ્રી મેડિકલ ચેક-અપ કેમ્પ" નું આયોજન એચસીજી હોસ્પિટલ્સ, દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પોલીસ પરીવારના કર્મચારીઓ તથા પરીવારજનોએ બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો. પોલીસ કર્મચારીઓ તથા તેમના પરીવારના સ્વાસ્થ્યની દરકાર કરવા બદલ ભાવનગર જીલ્લા પોલીસ પરીવાર દ્વારા એચસીજી હોસ્પિટલ, ભાવનગરનું સન્માન કરવામાં આવ્યું હતું.

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગરમાં રેડીએશન (શેક) વિભાગના સફળતાપૂર્વક 3 વર્ષ પૂર્ણ !!



એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર છેલ્લા ૬ વર્ષોથી ભાવનગર તથા આજુબાજુના વિસ્તારના દર્દીઓની આરોગ્ય સેવામાં સતત કાર્યરત છે. આ સમય દરમ્યાન એચસીજી હોસ્પિટલ્સે આરોગ્ય સેવા ક્ષેત્રે ઘણી સિમા ચિહન્રૂપ સિદ્ધિઓ હાંસલ કરેલ છે.

હોસ્પિટલ દ્વારા આરોગ્ય સુવિધાઓને વધુ સક્ષમ બનાવવા સમયાંતરે અત્યાધુનિક ઉપકરણો તથા અનુભવી તબીબો દ્વારા અત્યાધુનિક ટેકનોલોજીથી નવી - નવી પ્રોસીજર્સ તથા સર્જરી કરવામાં આવે છે. જેથી, દર્દીઓને ઉત્તમ સારવાર ઘર આંગણે મળી રહે.

એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગરમાં કેન્સરના દર્દીઓ માટે રેડીએશન (શેક)ની સુવિધાની શરૂઆત જુલાઈ ૨૦૧૮માં થઈ અને આજદિન સુધી લગભગ ૧૫૦૦ થી પણ વધુ દર્દીઓને સફળતાપૂર્વક રેડીએશન (શેક)ની સારવાર આપેલ છે. ભાવનગરમાં સૌપ્રથમ વખત કેન્સરના દર્દીઓમાં રેડીએશન (શેક)ની સારવાર માટે અત્યાધુનિક VMAT સુવિધાઓની શરૂઆત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. આ પદ્ધતિ દ્વારા રેડીએશન (શેક)ના દર્દીઓને શ્રેષ્ઠ, ઝડપી અને વધુ આરામદાયક સારવાર મળી રહેશે.

વોલ્યુમેટ્રિક મોડ્યુલેટેડ આર્કથેરાપી (VMAT) / રેપીડ આર્ક એક વિકિરણ (શેક) ઉપચાર તકનીક છે, જેમાં સારવાર દરમિયાન મશીન સતત ફરે છે, જેથી વિકિરણ (શેક)ની માત્રા ઝડપથી સચોટપણે કેન્સરગ્રસ્ત અંગ સુધી ઓછા સમયમાં પહોંચે છે અને ગાંઠની આજુબાજુના અન્ય અંગોને થતી નુકસાનની માત્રા ઘટાડે છે.

સંવેદનશીલ શરીરના અંગોની નજીક ગાંઠોમાં રેડીએશન થેરાપી પહોંચડવા માટે ખાસ કરીને VMAT ઉપયોગી છે, જે ઘણાં પ્રકારના કેન્સરની અસરકારક સારવાર હોય શકે છે. VMAT પ્રક્રિયા દ્વારા ડોઝ ડિલિવરીમાં સામાન્ય રીતે લગભગ ૨-૪ મિનિટ લાગે છે. IMRT કરતાં લગભગ અડધા / ચોથા ભાગના સમયમાં અસરકારક સારવાર કરે છે. VMAT સારવારનું આયોજન અને વિતરણ કરવા માટે ટીમમાં નિષ્ણાત રેડીએશન ઓન્કોલોજીસ્ટ, રેડીએશન થેરાપીસ્ટ, મેડીકલ ફિઝીસીસ્ટ અને રેડીએશન નર્સિંગ ટીમનો સમાવેશ થાય છે.

**VMAT સારવારની વિશેષતાઓ :**

(૧) કન્વેન્શનલ IMRT કરતાં ૫૦% થી વધુ ઝડપી સારવાર.

(૨) સલામત અને ચોક્કસ ડોઝ ડિલિવરી

(૩) તીવ્ર કાર્યક્ષમ ડોઝ વિતરણ

(૪) સતત બદલાતા ડોઝની તીવ્રતા

(૫) શ્રેષ્ઠ, ઝડપી અને વધુ આરામદાયક સારવાર

(૬) ડોઝ ડિલિવરની અનિશ્ચિતતામાં ઘટાડો.



**ડૉ. પુષ્પેન્દ્ર હિરપરા**
હેડ અને કન્સલ્ટન્ટ - રેડીએશન ઓન્કોલોજીસ્ટ
**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**

# ટીપીએ અને કોર્પોરેટની ઉપલબ્ધ કેશલેસ સુવિધાઓ

### ટીપીએ અને ઈન્શ્યોરન્સ કંપની

- અનમોલ મેડીકેર ઈન્શ્યોરન્સ ટીપીએ લી.
- એરિક્સન ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- ફેમીલી હેલ્થ પ્લાન ઈન્શ્યોરન્સ (ટીપીએ) લી.
- જેનિન્સ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ ટીપીએ લી.
- ગુડ હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ લી.
- હેલ્થ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ ટીપીએ સર્વિસ પ્રા. લી.
- હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ સર્વિસ પ્રા. લી.
- હેરીટેજ હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- એમડી ઈન્ડિયા હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- મેડી આસિસ્ટ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- મેડસેવ હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ લી.
- પેરામાઉન્ટ હેલ્થ સર્વિસ એન્ડ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી. (પીએચએમ એન્ડ પીએચએસ)
- પાર્ક મેડીક્લેઈમ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- રક્ષા હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- યુનાઈટેડ હેલ્થ કેર પારેખ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- વિડાલ હેલ્થ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા. લી.
- વિપુલ મેડક્રોપ ઈન્શ્યોરન્સ ટીપીએ પ્રા.લી.
- આદીત્ય બિરલા હેલ્થ ઈન્શ્યોરન્સ કંપની લી.
- ચોલામંડલમ્ એમએસ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લી.
- ફ્યુચર જનરલી ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લી.
- એચડીએફસી ઈરગો જનરલ ઈન્શ્યોરન્સ કંપની લી.
- આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શીયલ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લી.
- ઈફકો ટોકીયો જનરલ ઈન્શ્યોરન્સ પ્રા. લી.
- મનીપાલ સિગ્ના હેલ્થ ઈન્શ્યોરન્સ
- નેશનલ ઈન્શ્યોરન્સ કંપની લી.
- રિલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લી.
- સ્ટાર હેલ્થ અને એલાઈડ ઈન્શ્યોરન્સ કંપની લી.
- ધી ન્યુ ઈન્ડિયા એસ્યુરન્સ કંપની લી.
- ધી ઓરીયટન્લ ઈન્શ્યોરન્સ કંપની લી.
- યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લી.
- યુનિવર્સલ સોમ્પો જનરલ ઈન્શ્યોરન્સ કંપની લી.

### કોર્પોરેટ

- એગ્રોસેલ કંપની પ્રા.લી.
- એપીએમ ટર્મિનલ
- ભારત સંચાર નિગમ લી. (બીએસએનએલ)
- સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ (સીએસએમસીઆઈઆઈ)
- સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમીટેડ
- ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જીએમડીસી)
- નિરમા લી.
- રિલાયન્સ ડિફેન્સ એન્ડ ઓફશોર એન્જિનીયરીંગ કો. લી. (પિપાવાવ શિપયાર્ડ)
- સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા
- વેસ્ટર્ન રેલ્વે
- ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લી. (આઈઓસીએલ)
- રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ
- એક્સલ ક્રોપ કેર લી.
- લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (હેલ્થ ચેકઅપ)

### સરકારી યોજનાઓ

- આયુષ્યમાન ભારત - પ્રાઈમ મિનીસ્ટર જન આરોગ્ય યોજના (એબી-પીએમજેએવાય) (AB - PMJAY)
- મુખ્યમંત્રી અમૃતમ યોજના (મા યોજના)

# હેલ્થ ચેક-અપ પ્લાન

| | |
|---|---|
| બેસિક હેલ્થ ચેક-અપ પ્લાન | : રૂા. ૧,૧૦૦/- |
| એડવાન્સ બેસિક હેલ્થ ચેક-અપ પ્લાન | : રૂા. ૧,૬૫૦/- |
| ડાયાબીટીસ ચેક-અપ પ્લાન | : રૂા. ૧,૬૫૦/- |
| એડવાન્સ ડાયાબીટીસ ચેક-અપ પ્લાન | : રૂા. ૨,૩૫૦/- |
| હેલ્ધી હાર્ટ ચેક-અપ પ્લાન | : રૂા. ૨,૭૫૦/- |
| કેન્સર કેર ચેક-અપ પ્લાન (સ્ત્રીઓ) | : રૂા. ૩,૦૦૦/- |
| કેન્સર કેર ચેક-અપ પ્લાન (પુરુષ) | : રૂા. ૩,૧૦૦/- |
| કાર્ડીયો પલ્મોનરી હેલ્થ ચેક-અપ પ્લાન | : રૂા. ૩,૧૦૦/- |
| કોમ્પ્રેહેન્સિવ હેલ્થ ચેક-અપ પ્લાન | : રૂા. ૪,૮૦૦/- |
| સિનીયર સિટીઝન હેલ્થ ચેક-અપ પ્લાન | : રૂા. ૬,૪૦૦/- |

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર

**પ્રથમ અને એકમાત્ર NABH પ્રમાણિત હોસ્પિટલ**

HCG Hospitals adding life to years

## ફ્રી* બ્લડ સેમ્પલ કલેક્શન તમારા ઘર આંગણે

### વિશેષતાઓ

- NABH ની આંતરરાષ્ટ્રીય ગાઈડલાઈન પ્રમાણે સુવિધા સભર લેબોરેટરી
- એમ.ડી. પેથોલોજી ડોક્ટર દ્વારા રીપોર્ટીંગ
- અત્યાધુનિક ઉપકરણો, નિષ્ણાત ડોક્ટર તથા અનુભવી ટીમ
- દૈનિક આંતરિક ગુણવત્તા તપાસ (IQC) અને EQAS પ્રોગ્રામ દ્વારા ગુણવત્તા માટે પગલાં
- વોટ્સએપ અને ઈ-મેઈલ દ્વારા રીપોર્ટ
- શરીરની સંપૂર્ણ તપાસ માટે જુદા જુદા હેલ્થ ચેક-અપ પેકેજીસની સુવિધા




Accept Outsource Investigations*

*લોહીના સેમ્પલ કલેક્શન હોસ્પિટલના ૧૦ કિ.મી.ના અંદરના વિસ્તારમાં લેવામાં આવશે.

૧૧૩૯, સરપટ્ટણી રોડ, મેઘાણી સર્કલ, ભાવનગર | ૭૫૭૩૦ ૩૬૨૩૨

www.hcghospitals.in | info.ao@hcgel.com | Follow us on :

adding life to years

# 3 SIMPLE STEPS TO GET YOUR COVID VACCINATION



@

Hospitals
adding life to years

1 Co-WIN Register yourself on **CoWIN portal.** Select HCG Hospitals, Bhavnagar & vaccination type- 1st or 2nd dose.

2 www Book your slot.

3 HCG Reach **HCG Hospitals, Bhavnagar,** at scheduled time and get your vaccination without any hassle.

SIMPLE • SAFE • CONVENIENT • NO WAITING

Covishield Vaccine at Rs **780** only

1139, Sir Patni Road, Nr. Meghani Circle, Bhavnagar.
www.hcghospitals.in | info.ao@hcgel.com | Follow us on :

0278-6640000/111

# કોરોના વાયરસ નિવારણના ઉપાયો



સારી ઉંઘ લો



સાબુ અને પાણીથી
વારંવાર હાથ ધોવો



ગરમ પાણી પીવું



ભીડવાળી જગ્યાએ
જવાનું ટાળો



છીંક અને ખાંસી સમયે
તમારુ નાક અને મ્હો ઢાંકવુ





હાથ મિલાવવાની
જગ્યાએ નમસ્તે કહો



તાજો અને
રાંધેલો ખોરાક લો

HCG adding life to years

HCG Hospitals adding life to years

# એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર

## સુપર સ્પેશ્યાલિસ્ટ અને સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર્સ ટીમ

**આપના આરોગ્ય પ્રત્યે રહો નિશ્ચિંત,**
**અમે છીએ આપની સેવામાં !**




### કાર્ડિયોલોજી વિભાગ

**ડૉ. સિધ્ધરાજસિંહ વાળા**
MD, DM (Cardiology)
Head - Dept. of Cardiology

**ડૉ. અનુજ અગ્રવાલ**
DNB (Medicine),
DNB (Cardiology)

હૃદયરોગ તથા લોહીની નસોના નિષ્ણાંત

### કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જરી વિભાગ

**ડૉ. બ્રજમોહન સિંઘ**
MS, M.Ch. (CTVS)
Director - Dept. of CTVS

**ડૉ. શુભદેવ ભટ્ટાચાર્ય**
DNB (Gen. Surgery),
M.Ch. (CTVS)

હૃદય, છાતી, ફેફસા તથા લોહીની નસોની સર્જરીના નિષ્ણાંત

### સર્જીકલ, રેડીએશન ઓન્કોલોજી અને મેડીકલ વિભાગ

**ડૉ. નિરવ થડેશ્વર**
MS, DNB (Surgical Oncology)
કેન્સર સર્જરીના નિષ્ણાંત

**ડૉ. પુષ્પેન્દ્ર હિરપરા**
MD (Radiation Oncology)
Head - Dept. of Radiation Oncology
રેડીએશન (શેક) ના નિષ્ણાંત

**ડૉ. મનન વાઘેલા**
MD, DM (Medical Oncology )
કેન્સર, કીમોથેરાપી અને લોહીના રોગોના નિષ્ણાત

### ન્યુરોલોજી વિભાગ

**ડૉ. મનીષ પાટની**
MD (Medicine), DNB (Neurology)
મગજ, ચેતાતંતુ અને સ્નાયુઓના નિષ્ણાંત

### ક્રિટીકલ કેર અને પલ્મોનોલોજી વિભાગ

**ડૉ. હરપાલસિંહ ડાભી**
MD (Pulmonology), FCCS
શ્વસનતંત્રના રોગો અને ક્રિટીકલ કેર નિષ્ણાંત

### ક્રિટીકલ કેર વિભાગ

**ડૉ. પાર્થરાજ ઉમટ**
MBBS, MD (E. Medicine)
ઈમરજન્સી અને ક્રિટીકલ કેર નિષ્ણાંત

### એનેસ્થેસીયા વિભાગ

**ડૉ. સંજય પંડ્યા**
MBBS, MD (Anaesthesia)
એનેસ્થેટીસ્ટ

**ડૉ. હાર્દિક ખત્રી**
MBBS, MD (Anaesthesia)
કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ

### જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જરી વિભાગ

**ડૉ. ગિરીશ દવે**
MBBS, MS (General Surgery)
સર્જરીના નિષ્ણાંત

### પેથોલોજી વિભાગ

**ડૉ. ફ્રિમી જૈન**
MBBS, MD (Pathology)

### રેડીઓલોજી વિભાગ

**ડૉ. તપસ મનવર**
MBBS, DNB (Radiology)

### વિઝીટીંગ ડૉક્ટર્સ

**ડૉ. યુવરાજ લકુમ**
MBBS, MS (Orthopedics)
હાડકા તથા સાંધાના રોગોના નિષ્ણાત
દર મહિનાનાં બીજા અને ચોથા શનિવારે

**ડૉ. હષિત પટેલ**
MBBS, DNB (Nephrology)
કિડનીનાં રોગોના નિષ્ણાત
દર મહિનાનાં પહેલા ગુરૂવારે

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે**

- તમામ મેડીકલેઈમ તથા ઈન્શ્યોરન્સ કંપનીઓ દ્વારા કેશલેસ સારવાર માટે માન્યતા પ્રાપ્ત હોસ્પિટલ
- મુખ્યમંત્રી અમૃતમ્ યોજના તથા આયુષ્યમાન ભારત યોજનાનાં લાભાર્થીઓ માટે હૃદય રોગ, કેન્સર અને સાંધા બદલવાની ફ્રી સારવાર
- ગુજરાત સરકારના કર્મચારીઓ માટે રીએમ્બર્સમેન્ટ સુવિધા

**24x7 ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ**



**એચસીજી હોસ્પિટલ,** ૧૧૩૯, સરપટ્ટણી રોડ, મેઘાણી સર્કલ, ભાવનગર - ૩૬૪૦૦૧

**એપોઈન્ટમેન્ટ : ૦૨૭૮ ૬૬૪૦૦૦૦/૧૧૧ ● ઈમરજન્સી : ૦૨૭૮ ૬૬૪૦૧૦૮/૧૦૦**

# એચસીજીના નિષ્ણાત તબીબોની ટીમ હવે તમારા શહેરમાં પણ

## મહુવા

**દર મહિનાનાં પહેલા શનિવારે**

**ડો. મનીષ પાટની** (મગજના રોગોના નિષ્ણાત)
**ડૉ. પુષ્પેન્દ્ર હિરપરા** (રેડીએશન (શેક) સારવારના નિષ્ણાંત)

**દર મહિનાનાં ત્રીજા શનિવારે**

**ડૉ. સિધ્ધરાજસિંહ વાળા** (હૃદયરોગ તથા લોહિની નસોના નિષ્ણાત)
**ડૉ. બ્રજમોહનસિંઘ** (હૃદય, છાતી, ફેફસા તથા લોહિની નસોની સર્જરીના નિષ્ણાત)
**ડૉ. નિરવ થડેશ્વર** (કેન્સર સર્જન)

**સ્થળ :** શેઠ સોનોગ્રાફી એન્ડ એક્ષ-રે ક્લિનીક,
ડૉક્ટર હાઉસ, કુબેર બાગ, મહુવા.

**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૩૩૧૪

## બોટાદ

**દર મહિનાનાં પહેલા શનિવારે**

**ડૉ. સિધ્ધરાજસિંહ વાળા** (હૃદયરોગ તથા લોહિની નસોના નિષ્ણાત)
**ડૉ. નિરવ થડેશ્વર** (કેન્સર સર્જન)
**ડો. શુભદેવ ભટ્ટાચાર્ય** (હૃદય, છાતી, ફેફસા તથા લોહિની નસોની સર્જરીના નિષ્ણાત)

**દર મહિનાનાં ત્રીજા શનિવારે**

**ડો. મનીષ પાટની** (મગજના રોગોના નિષ્ણાત)

**સ્થળ :** ટી.એમ. વડોદરીયા હૉસ્પિટલ, પાળીયાદ રોડ, બોટાદ

**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૬૨૩૨

## ઢસા

**પહેલાં અને ત્રીજા બુધવારે**

**ડો. પાર્થરાજ ઉમટ** (ઈમરજન્સી મેડિસીન અને ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ)

**સ્થળ :** ડો. ખોખાણી હોસ્પિટલ, મેઈન બજાર, ઢસા (જં.)

**સંપર્ક :** ૯૯૨૫૮૧૮૧૯૩

## અમરેલી

**દર મહિનાનાં બીજા શનિવારે**

**ડો. મનીષ પાટની** (મગજના રોગોના નિષ્ણાત)

**સ્થળઃ** ડોક્ટર હાઉસ, ભાવનગર રોડ, અમરેલી

**દર મહિનાના ત્રીજા શનિવારે**

**ડૉ. પુષ્પેન્દ્ર હિરપરા** (રેડીએશન (શેક) સારવારના નિષ્ણાંત)

**સ્થળ :** રાઘવેન્દ્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
કેરીયા રોડ, અમરેલી.

**સંપર્ક :** ૭૫૭૩૦૩૬૨૩૨

## પાલીતાણા

**દર મહિનાનાં બીજા શનિવારે**

**ડૉ. નિરવ થડેશ્વર** (કેન્સર સર્જન)

**સ્થળ :** સંઘવી હૉસ્પિટલ, એસ ટી બસ સ્ટેન્ડની બાજુમા, પાલીતાણા.

**સંપર્ક :** ૯૬૮૭૮ ૭૦૦૪૭, ૭૫૭૩૦ ૩૬૨૩૨

**દર મહિનાનાં ચોથા બુધવારે**

**ડૉ. સિધ્ધરાજસિંહ વાળા** (હૃદયરોગ તથા લોહિની નસોના નિષ્ણાત)

**સ્થળ :** ડો. અમિત શાહની હૉસ્પિટલ,
એસ ટી બસ સ્ટેન્ડની બાજુમા, પાલીતાણા.

**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૬૨૩૨

**દર મહિનાનાં ચોથા શનિવારે**

**ડો. મનીષ પાટની** (મગજના રોગોના નિષ્ણાત)

**દર મહિનાના બીજા બુધવારે**

**ડો. અનુજ અગ્રવાલ** (હૃદયરોગ તથા લોહિની નસોના નિષ્ણાત)

**સ્થળ :** સંજીવની હોસ્પિટલ, મહાવીર પ્લાઝા,
પંચબીબી રોડ, પાલીતાણા

**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૬૨૩૨

## તળાજા

**દર બુધવારે**

**ડૉ. સિધ્ધરાજસિંહ વાળા** (હૃદયરોગ તથા લોહિની નસોના નિષ્ણાત)

**સ્થળ :** વિવેકાનંદ હોસ્પિટલ, (ડો. વાળા સાહેબનું દવાખાનું),
મેઈન બજાર, તળાજા

**દર મહિનાના ચોથા બુધવારે**

**ડો. હરપાલસિંહ ડાભી** (ફેફસાના રોગના નિષ્ણાંત)

**સ્થળ :** નાઈસ જનરલ હોસ્પિટલ, ગોપનાથ રોડ, તળાજા

**સંપર્ક :** ૭૫૭૩૦ ૩૩૩૧૪

## ધંધુકા

**દર મહિનાનાં ચોથા શનિવારે**

**ડો. અનુજ અગ્રવાલ** (હૃદયરોગ તથા લોહિની નસોના નિષ્ણાત)

**સ્થળ :** આરએમએસ હોસ્પિટલ, ભાવનગર હાઈવે, ધંધુકા

**દર મહિનાના બીજા અને ચોથા શનિવારે**

**ડો. હરપાલસિંહ ડાભી** (ફેફસાના રોગના નિષ્ણાંત)

**સ્થળ :** લક્ષ્મી મેડિકલ સ્ટોર, લક્ષ્મી ઓટોમોબાઈલની બાજુમાં,
એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, ધંધુકા

RNI No.- GUJBIL/2015/69953
Registered Under Postel Registration No. AHD-C\72\2021-2023 Valid up to 31st December 2023,
Permitted to post at PSO, Ahmedabad on 21st & 22nd of every Month

HCG™
adding life to years



**એચસીજી હોસ્પિટલ્સ, ભાવનગર**
૧૧૩૯, સર પટણી રોડ, મેઘાણી સર્કલ, ભાવનગર – ૩૬૪૦૦૧
ફોન : ૦૨૭૮ – ૬૬૪૦૦૦૦ | Web: www.hcghospitals.in



**એચસીજી હોસ્પિટલ્સ, અમદાવાદ**
મીઠાખળી, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦૦૦૬
ફોન : ૦૭૯–૪૦૦ ૧૦ ૧૦૧ | Web: www.hcghospitals.in




**એચસીજી કેન્સર સેન્ટર, વડોદરા**
સન ફાર્મા રોડ, વડોદરા – ૩૯૦૦૧૨
ફોન : ૦૨૬૫ – ૨૩૦ ૪૦૦૦ | Web: www.hcghospitals.in



**એચસીજી કેન્સર સેન્ટર, અમદાવાદ**
સોલા સાયન્સ સીટી રોડ,સોલા બ્રિજ પાસે, એસ.જી. હાઈવે, અમદાવાદ –૩૮૦૦૬૦.
ફોન : ૦૭૯–૪૦૪ ૧૦ ૧૦૧ | Web: www.hcghospitals.in



**એચસીજી હોસ્પિટલ્સ, રાજકોટ**
અયોધ્યા ચોક, એચસીજી હોસ્પિટલ રોજ, આસ્થા એવન્યુ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડની પાછળ,
રાજકોટ–૩૬૦૦૦૫. ફોન : ૦૨૮૫–૬૧૯૧૦૦૦ | Web: www.hcghospitals.in

If undelivered, please return to :
**HCG Hospitals**, Mithakhali, Ellisbridge,
Ahmedabad-380006

Printed and Published by **DR. BHARAT GADHAVI** on behalf of **HCG MEDI-SURGE HOSPITALS PRIVATE LIMITED** and Printed at Print Vision Private Limited., Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad – 380 006. Published at HCG MEDI- SURGE HOSPITALS PRIVATE LIMITED. Mithakhali, Ellisbridge, AHMEDABAD – 380 006. **Editor - DR. BHARAT GADHAVI.**

**Place of Publication : HCG MEDI-SURGE HOSPITALS PRIVATE LIMITED, Mithakhali, Ellisbridge, Ahmedabad-380006**

**Please write us : info.ao@hcgel.com**